# કિર્ગીસ્તાનના યુના. સાથે IITના MOU

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરે એજ્યુકેશન, રિસર્ચ અને એકેડેમીક એમ ત્રણ ક્ષેત્રોમા એજ્યુકેશન વર્ક કરવા માટે કિર્ગીસ્તાનની ઈન્ટરનેશનલ યુનિવર્સિટી ઓફ ઈનોવેશન એન્ડ ટેકનોલોજી સાથે એમઓય કર્યા છે. બંને દેશો સાથે મળીને અર્થક્વેક એન્જિનિયરિંગ, રિસર્ચ પ્રોજેક્ટ અને ફેકલ્ટી એન્ડ સ્ટુડન્ટસ એક્સચેન્જ પ્રોગ્રામ સંયુક્ત રીતે હાથ ધરશે. આ અંગે આઈઆઈટીના ડિરેક્ટર સુધીર જૈને કહ્યું કે, 'કિર્ગીસ્તાન અર્થક્વેક પ્રભાવિત વિસ્તાર છે. આથી ત્યાં અર્થક્વેક એન્જિનિયરિંગ વિષય પર ખૂબ રિસર્ચ થયુ છે. કિર્ગીસ્તાનના આ નોલેજનો આઈઆઈટીને લાભ મળશે.'

**Title:** IITGN signs MoU with kyrgyzstan university

**Source:** Divya Bhaskar: City bhaskar Page No 1

**Date:** 27-12-2016